આપણા ભગવદીય વૈષ્ણવો-૩

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' હિન્દી માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

(૧,૨,૩,૪ના)લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા
અનુવાદ : પ્રો.ડો.શ્રીરામકૃષ્ણ વ્યાસ-વડોદરા
તથા
(૫ના) લેખક : શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ શુક્લ-વડોદરા.

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈએક પુસ્તકનો ખર્ચ કોઈએક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૩૦,૦૦૦
(૨) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૪૫,૦૦૦
(૩) શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભક્તિયોગ (બારમો અ.)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૨,૦૦૦
(૫) શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૫,૦૦૦
(૬) બ્રહ્મસમ્બન્ધ (બ્રહ્મસમ્બન્ધ અંગેના પ્રશ્નો અને તેના ઉત્તરો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૮,૦૦૦
(૭) શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ કૃત-'ન્યાસાદેશ'વિવરણ	અનુવાદ- ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૮) શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠેશ્વરજી	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૦૮,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર

સી.ડી.(એમ.પી.૩) ની યાદી

	વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮)	ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯)	ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦)	ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧)	ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨)	એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩)	ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪)	ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫)	ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬)	ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭)	ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮)	વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯)	સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦)	યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧)	વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨)	ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩)	નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪)	રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫)	ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

૨૬)	દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭)	યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮)	ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯)	સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦)	નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧)	ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨)	કીર્તન-ભાવાર્થ શિબિર -૧- ૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩)	સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪)	સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫)	સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬)	ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭)	ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮)	પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯)	ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦)	સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧)	ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨)	શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩)	વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪)	ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫)	વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬)	ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭)	ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮)	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯)	અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦)	પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧)	અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨)	ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩)	વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

આપણા ભગવદીય વૈષ્ણવો-૩

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
‘આચાર્યશ્રીવલ્લભ’ હિન્દી માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

(૧,૨,૩,૪ના)લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા
અનુવાદ : પ્રો.ડો.શ્રીરામકૃષ્ણ વ્યાસ-વડોદરા
તથા
(૫ ના) લેખક : શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ શુક્લ-વડોદરા.

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -

‘વોલ્ગા ફ્રીઝ’ હ : શ્રીનવનીતભાઈ ભલાવત-વડોદરા
(ફોન નં.૨૩૩૪૭૦૪,૨૩૪૩૮૨૨,૨૩૩૫૬૭૧) તથા પરિવારના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન
પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

અનુક્રમણિકા

પૃષ્ઠ
(૧) અષ્ટછાપ ભક્ત કવિ શ્રીગોવિન્દસ્વામી ૫-૭
(૨) અષ્ટછાપ કવિ શ્રીનંદદાસજી ૮-૧૩
(૩) પ્રેમલક્ષણા-મધુરભક્તિના ભક્ત કવિ શ્રીદયારામભાઇ ભટ્ટ (ડભોઇ) ૧૪-૧૯
(૪) પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રીમગ્નલાલજી ૨૦-૨૫
(૫) પંડિત પંચાનન શ્રીબદરીનાથજી શાસ્ત્રીજી ૨૬-૩૨

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **‘આપણા ભગવદીય વૈષ્ણવો-૩’** પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના ભગવદીય વૈષ્ણવોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, ૧૩ થી ૧૮, ૧૯ થી ૨૫, ૨૬ થી ૪૦ તથા ૪૦ ઉપરના વયસ્કોની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૨ થી ૧૮ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત ‘આચાર્ય શ્રીવલ્લભ’ ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન વડોદરાના ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યા છે.

આ પ્રકાશનનાં કાર્યમાં વોલ્ગા ફ્રીઝના શ્રીનવનીતભાઈ ભલાવત-વડોદરાએ કે જેમણે આ પહેલાં પણ અનેક વખત આ મુજબ દ્રવ્ય સહયોગ કર્યો છે તેમણે શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં તત્પરતા દાખવી પોતાના દ્રવ્યનો આ સત્કાર્યમાં વિનિમય કર્યો તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો.

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ**,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા ભગવદીય વૈષ્ણવો-૩

(૧) શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના સેવક અષ્ટછાપ ભક્ત કવિ શ્રીગોવિન્દસ્વામી

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત 'આચાર્ય શ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

અષ્ટછાપના ભક્ત કવિઓમાંના એક ગોવિંદદાસ અનુપમ કવિ, સંગીતજ્ઞ અને ભક્ત હતા. કાંકરોલીના ઈતિહાસમાં આ મહાનુભાવનો જન્મ સં.૧૫૬૦ના અરસામાં થયો હોય એમ મનાય છે. તેઓ દિવસની લીલામાં શ્રીદામાસખા અને રાત્રીની લીલામાં ભામાસખી હતા. જાતિએ સનાઢ્ય બ્રાહ્મણ હતા. તેઓનો જન્મ દક્ષિણમાં સતારા જિલ્લામાં કરાડ પાસે આવેલ આંતરી ગામમાં થયો હતો ત્યારે કેટલાંક પુસ્તકો ભરતપુરના આંતરી ગામમાં થયાનું માને છે. ગોવિંદદાસને લોકો ગોવિન્દસ્વામીના નામથી પણ ઓળખે છે. ગોવિંદસ્વામીનાં પદો બીજાના કંઠે સાંભળી શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈ ગાયકને પ્રસાદ આપતા. પોતાના પદની પ્રશંસા સાંભળી શ્રીગુસાંઈજીને મળવાની ઉત્કંઠા વધતી જતી. શ્રીગુસાંઈજીના અલૌકિક ગુણોથી આકર્ષાઈ લં.૧૫૮૦ના અરસામાં ગોકુળ આવી શ્રીગુસાંઈજી દ્વારા બ્રહ્મસંબન્ધની દીક્ષા લીધી. અને ગોવિંદસ્વામીના ગોવિંદદાસ બન્યા હતા. દીક્ષા લીધા બાદ ગોવિંદદાસ ગોવર્ધનમાં વસી શ્રીજીની કીર્તનની સેવા કરતા તેઓ અજોડ સંગીતકાર હતા. તેઓનું સંગીત સાંભળી તાનસેન જેવા સંગીતસમ્રાટ પણ મુગ્ધ થયા હતા. અને શ્રીગુસાંઈજીના સેવક થઈ ગોવિંદદાસ પાસે સંગીતનો અભ્યાસ કર્યો હતો. ગોવિંદદાસનું સંગીત સાંભળવાની અકબર શાહને ઉત્કંઠા હતી એટલે વૈષ્ણવ વેશે ગોકુલના યમુના ઘાટે આવ્યા જ્યાં ગોવિંદદાસ પ્રાતઃકાળ હોવાથી ભૈરવરાગ ગાઈ રહ્યા હતા. ચિત્તાકર્ષક મદમસ્ત મધુર સ્વરોના કારણે અનાયાસ બાદશાહના મુખથી વાહ વાહના શબ્દો સરી પડ્યા. સંગીત બંધ થયું. શાહ વિનંતી કરી, મહાગાયક ગાન ચાલુ રાખો. તમારા સંગીતથી અમારા કર્ણ તૃપ્ત થયા નથી. ગોવિંદદાસે નિર્ભય પણે ઉત્તર દીધો, યવનરાજ, તમારા શ્રવણથી રાગ છુવાઈ ગયો છે હવે શ્રીજી આગળ ભૈરવ રાગ કદી નહીં ગાઉં, અને બાદશાહની પરવા કર્યા વગર ગોવિંદદાસ ચાલ્યા ગયાં.

એક દિવસ શ્રીનાથજી ગોવિંદદાસ સાથે રમતા હતા. ઉત્થાપનનો સમય થવાથી શ્રીનાથજી દાવ અધૂરો મૂકી મંદિરમાં દોડી ગયા. ગોવિંદદાસ પણ શ્રીજી પાછળ મંદિરમાં પેઠા. અને શ્રીજીને ગીલ્લી મારી ટહેલ કરનારા સેવકોએ મના કરી ત્યારે રિસાઈ બોલ્યા. ક્યાં જવાના છે ? આ જ માર્ગે સાંજે ગાયો લઈ પાછા ફરશે ત્યારે જોઈ લઈશ. અને રસ્તામાં જઈ બેઠા. જ્યારે શ્રીગુસાંઈજી સ્નાન કરી મંદિરમાં પધાર્યા ત્યારે શ્રીજી રીસમાં હતા, ઉત્થાપનની સામગ્રી આરોગતા નહોતા અને જ્યાં સુધી ગોવિંદદાસને મનાવશો નહિ ત્યાં સુધી મને કશુંય ભાવવાનું નથી કારણ કે મારે માર્ગે ગયા વગર છુટકો નથી અને એના સાથે રમ્યા વગર ચાલવાનું નથી. આ વાત સાંભળી શ્રીનાથજીની ભક્તવત્સલતાથી શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું. ગોવિંદદાસને મનાવી શ્રીજીને વિનંતી કરી, ગોવિંદદાસ આપની સમક્ષ હાજર થયા છે. ત્યારે શ્રીનાથજીએ ઉત્થાપનની સામગ્રી આરોગી. શ્રીનાથજીનાં એ અંતરંગ સખા શ્રીદામા સખા હતા. એમની ભક્તિ સખાભાવની હતી. શ્રીનાથજી બાલસ્વરૂપે એમની સાથે રમતા હતા.

બીજો એક પ્રસંગ પણ શ્રીગોવિંદદાસજીના ઉત્કૃષ્ટ સખ્યભાવનો પ્રાપ્ત થાય છે. એક વખત મંગલા આર્તિ પછી સ્નાન કરાવી શ્રીગુસાંઈજી શ્રીજીને શ્રુંગાર ધરાવી રહ્યા હતાં. અને ગોવિંદદાસજી કીર્તન ગાઈ રહ્યા હતા શ્રીજી પાસે શ્રુંગાર ભોગ પધરાવેલો હતો જેમાં મિશ્રીનાં ગાંગડાઓ પણ હતા શ્રીજીને પણ ગોવિંદદાસ પ્રત્યે તેવો જ સખ્ય પ્રેમ હતો. શ્રીજીના મનમાં થોડી ટીખળ કરવાનું આવ્યું અને બધાની નજર બચાવી શ્રીજીએ મિશ્રીનો એક ગાંગડો ઉઠાવી ધીરે રહીને ગોવિંદદાસને માર્યો. ગોવિંદદાસ મૂંગે મોંએ ચૂપ બેઠા

રહ્યાં. અને કીર્તન ગાતા રહ્યા, કશું બોલ્યા નહીં. શ્રીજીએ બીજી વખત એક નાનો ગાંગડો ઉઠાવી માર્યો તોયે ગોવિંદદાસ ચૂપ રહ્યા. આમ ૫-૬ ગાંગડાઓ શ્રીજીએ ગોવિંદદાસને માર્યા. છેવટે ફરીથી જ્યારે શ્રીજીએ ગાંગડો મારવા શ્રીહસ્ત ઉઠાવ્યો કે તરત જ સામે પણ કંઈક શ્રીજી તરફ ફેંકવાનો હાથ-મોંથી અભિનય ગોવિંદદાસે કર્યો અને શ્રીજી એકદમ ચમકીને થોડા પાછળ હટી ગયા. શ્રીજીને પાછળ હટેલા અને ચમકેલા જોઈ શ્રુંગાર ધરાવી રહ્યા શ્રીગુસાંઈજીએ આશ્ચર્ય સાથે શ્રીજીને પૂછ્યું બાવા ? (શ્રીગુસાંઈજી શ્રીનાથજીને લાડમાં બાવા કહેતા હતા અને શ્રીનાથજી શ્રીગુસાંઈજીને કાકાજી કહી સંબોધતા હતા) આપ કેમ આટલા ડરી ગયા ? શું થયું ? તો શ્રીનાથજીએ ગોવિંદદાસની શિકાયત કરતાં કહ્યું આ તમારો સેવક મને બેઠો બેઠો ડરાવી રહ્યો છે. તે સાંભળી શ્રીગુસાંઈજીએ પ્રેમનો ઠપકો આપતાં ગોવિંદદાસને કહ્યું ગોવિંદ ! તું કીર્તનની સેવા કરવા અહીં બેઠો છે કે પછી પ્રભુને ડરાવવા માટે બેઠો છે ? ત્યારે ગોવિંદદાસે શ્રીજીએ મારેલા મિશ્રીના ગાંગડા જે બધાં ભેગા કરી રાખ્યા હતા તે બધા શ્રીગુસાંઈજીને બતાવતાં કહ્યું (મીઠા કટાક્ષમાં) જુઓ આ આપના છોકરાનાં કરતૂત ! પોતાનો લાડકો છોકરો આવા મોટા પથરા મારે તોયે અમારે સહન કરવાનું, તેમાં કંઈ વાંધો નહીં અને બીજો મારે નહીં પણ પોતાના બચાવમાં પણ અભિનય કરે તોયે તે અપરાધી ! સાચે જ પોતાનું પોતાનું છે અને પારકું પારકું છે.

એમના અલૌકિક સંગીતથી પ્રેરાઈ નટવરગઢના ભક્તરાજવી આશકરણજી શ્રીગુસાંઈજીના સેવક થયા હતા એમણે પોતાનું સમસ્ત જીવન શ્રીનાથજીને સમર્પી દીધું હતું. દિવ્ય સંગીતકાર, અનોખા કવિ, શ્રીજીના અનન્ય ઉપાસક પરમ ભગવદીય ગોવિંદદાસ સં.૧૬૪૨ માં શ્રીગુસાંઈજી સાથે શ્રીગોવર્ધન પર્વતની કન્દરામાં સદેહ લીન થઈ ગયા, શ્રીનાથજીની નિત્યલીલામાં પ્રાપ્ત થયા. હાલ તે સ્થળે સુંદર શિલાની પાસે ચબૂતરો છે.

આ મહાકવિ ગોવિંદસ્વામીના બનાવેલાં ઘણાં કીર્તનો છે. પણ ઉચ્ચ ભાવવાહી ૨૫૨ કીર્તનો સંપ્રદાયમાં મનાય છે.

* * *

(૨) શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવક અષ્ટછાપ ભક્ત કવિ શ્રીનન્દદાસજી

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત ‘આચાર્યશ્રીવલ્લભ’ માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

શ્રીમહાપ્રભુજીના ચાર પ્રમુખ સેવકો સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ અને કૃષ્ણદાસ. શ્રીગુસાંઈજીના ચાર પ્રમુખ સેવકો નંદદાસ, ચતુર્ભુજદાસ, ગોવિંદસ્વામી અને છીતસ્વામી. એ આઠ ભગવત્ પ્રેમીઓનું અષ્ટક બનાવી શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ અષ્ટછાપની રચના કરી. આ આઠ પરમ ભગવદીય વૈષ્ણવો અષ્ટસખા નામથી જાણીતા છે.

સામ્પ્રદાયિક માન્યતા પ્રમાણે નંદદાસજી ગોસ્વામી તુલસીદાસજીના નાનાભાઈ થાય. રાજપુર શહેરની નજીક દુબેપુર ગામમાં તેમના પિતા રુદ્રનાથ મિશ્ર રહેતા હતા. સં.૧૫૪૪ના શ્રાવણ સુદ સાતમે તેમને ઘેર તુલસીદાસજીનો જન્મ થયાનું અને સ.૧૫૭૦માં નંદદાસજીનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે.

પોતાના જીવનની પ્રારંભિક અવસ્થામાં નંદદાસજી મર્યાદામાર્ગી હતા. નાચ-તમાશા જોવાનો તથા ગાન શ્રવણ કરવાનો તેમને બહુ શોખ હતો. એક દિવસ તેમના ગામ પાસેથી એક સંઘ દ્વારકા જતો હતો. નંદદાસજીએ તેમની સાથે દ્વારકા જઈ શ્રીરણછોડરાયજીનાં દર્શન કરવાનો વિચાર કર્યો. તેમણે પોતાના મોટાભાઈ તુલસીદાસજીને પૂછ્યું, ‘તમે દ્વારકા આવશો ?’ શ્રીતુલસીદાસજી તો શ્રીરામના અનન્ય ભક્ત, તેમણે દ્વારકા જવાની ના પાડી. આથી નંદદાસજી એકલા સંઘમાં જોડાઈ ગયા. સંઘની સાથે સાથે તેઓ મથુરા સુધી ગયા. મથુરામાં આ સંઘ ઘણા દિવસ રોકાયો. આથી નંદદાસજીએ સંઘ છોડી એકલા દ્વારકા તરફ પ્રયાણ કર્યું. પરંતુ દ્વારકાના રસ્તાથી અજાણ્યા એવા

નંદદાસજી રસ્તો ભૂલી ગયા. દ્વારકા તરફ જવાને બદલે તેઓ કુરુક્ષેત્ર તરફ વળી ગયાં. અને કુરુક્ષેત્રથી આગળ સિંહનંદ ગામે પહોંચી ગયા. આ હતો ભગવત્ સંકેત, એ તો ભગવદ્ અનુગ્રહ હતો. ઠાકોરજી જ્યારે જીવ ઉપર અનુગ્રહ કરવા ઈચ્છે છે ત્યારે આવી જ કશી લીલા કરે છે. ભગવદ્ ઈચ્છાથી શ્રીગુસાંઈજી નંદદાસજીનો સ્વીકાર કરવાના હશે તેથી તેઓ રસ્તો ભૂલ્યા અને સિંહનંદમાં આવી પહોંચ્યા.

સિંહનંદ ગામમાં એક શાહુકાર ક્ષત્રી રહેતા હતા. નંદદાસજી તેમને ઘરે ભિક્ષા માંગવા ગયા. તે ક્ષત્રીની પત્ની ભિક્ષા આપવા આવી. તેનું અનુપમ સૌંદર્ય જોઈ નંદદાસજી ભાન ભૂલ્યા. તેનામાં મુગ્ધ થઈ ગયા. પછી તો તેઓ રોજ તેને ઘેર જઈ તેના દરવાજા આગળ બેસી રહેતા. અને જ્યારે તે અતિ સુંદર એવી ક્ષત્રાણીનું મુખદર્શન કરતાં ત્યારે ત્યાંથી ઊઠી તેઓ પોતાના મુકામે આવતા. આ તેમનો રોજીંદો કાર્યક્રમ બની ગયો. આ રીતે ઘણા દિવસો વીતી ગયાં.

તે શાહુકાર ક્ષત્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતો, વૈષ્ણવ હતો માટે સહનશીલતા અને ક્ષમાના દૈવી ગુણોથી વિભૂષિત હતો. નંદદાસજીની આવી અનુચિત ચેષ્ટા પ્રત્યે તેણે ઉદાસીનતા દાખવી. પરંતુ લાંબા સમય સુધી નંદદાસજીની આવી વર્તણુકથી ગામમાં તે વૈષ્ણવ વિષે સારી ખોટી ચર્ચા થવા લાગી. આથી તે વૈષ્ણવે કુટુંબના બધા સભ્યોને લઈ શ્રીગોકુલ તરફ પ્રયાગ કર્યું.

નંદદાસજીને આ વાતની ખબર પડી. તેથી તે પણ તેમની પાછળ જવા લાગ્યા. તેઓ તેમનાથી દૂર-દૂર રહેતા અને મુકામ કરતા. કેટલાક દિવસો પછી તેઓ શ્રીગોકુળ પહોંચ્યા. ક્ષત્રી કુટુંબ નાવમાં બેઠું. યમુનાજી પાર કરી શ્રીગોકુલના કિનારે પહોંચ્યું. નાવમાંથી ઉતરતી વખતે તે ક્ષત્રાણી નાવિકને થોડુંક દ્રવ્ય આપીને કહ્યું કે પેલા બ્રાહ્મણને આ કિનારે ન લાવીશ તે મારી પાછળ પડ્યો છે.

તે સમયે શ્રીગુસાંઈજી શ્રીગોકુળમાં બિરાજતા હતા. ક્ષત્રિય કુટુંબ

આપશ્રીની પાસે ગયું, સૌએ આપશ્રીનાં દર્શન કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીગુસાંઈજી તો બધું જાણતા હતા. નંદદાસજી ઉપર અનુગ્રહ કરવાનો સમય પરિપક્વ થઈ ગયો છે તેની આપશ્રીને ખબર હતી. આથી આપશ્રીએ આજ્ઞા કરી, પેલા બ્રાહ્મણને શ્રીયમુનાજીની પેલી પાર શા માટે બેસાડી રાખ્યો છે ? આપશ્રીની આજ્ઞા સાંભળી ક્ષત્રી બહુ પસ્તાવા લાગ્યો. તેને મનમાં થયું કે તે બ્રાહ્મણ શ્રીગુસાંઈજીનો પ્રીતિપાત્ર હશે. તેના તરફ ઉપેક્ષાવૃત્તિ પોતે દાખવી છે તે માટે કદાચ શ્રીગુસાંઈજી નારાજ થશે.

પછી શ્રીગુસાંઈજીએ એક સેવકને મોકલી નંદદાસજીને પોતાની પાસે બોલાવી લીધા. નંદદાસજી આવ્યા. આવીને શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. અલૌકિક અને અદ્ભુત સ્વરૂપે શ્રીગુસાંઈજીએ તેમને દર્શન આપ્યાં. અને નંદદાસજી પેલી સ્વરૂપવતી ક્ષત્રાણીની આંખમાં જે સ્વરૂપ જોતા હતાં તે જ સ્વરૂપ તેમણે શ્રીગુસાંઈજીમાં જોયું. તે સ્વરૂપ જોયું અને તેમના મનમાં તે વસી ગયું. ક્ષત્રાણીનું સ્વરૂપ હટી ગયું અને તેનું સ્થાન શ્રીગુસાંઈજીના સ્વરૂપે લીધું. તેઓ મંત્રમુગ્ધ બની શ્રીગુસાંઈજી તરફ જોઈ રહ્યા.

પછી આપશ્રીએ આજ્ઞા કરી, નંદદાસજી ! સ્નાન કરી આવો. નંદદાસજી સ્નાન કરી આવ્યા. ગુસાંઈજીએ તેમને શ્રીનવનીતપ્રિયજીની સન્નિધિમાં નામનિવેદન કરાવ્યું. નંદદાસજીને શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન થયાં. પછી તેમની પાસે રાજભોગની મહાપ્રસાદની પાતળ મૂકવામાં આવી. પ્રસાદ પ્રાપ્ત થતાં નંદદાસજીનું દેહાનુસંધાન છુટી ગયું. તેઓ પાતળ ઉપર બેઠા જ રહ્યા. તેમનું મન ભગવલ્લીલામાં મગ્ન થઈ ગયું, કૃષ્ણલીલામાં રમવા લાગ્યું. સવાર સુધી તેઓ એ જ સ્થિતિમાં બેસી રહ્યા.

સવારે શ્રીગુસાંઈજીએ પધારીને નંદદાસજીને કહ્યું, ઊઠો, નંદદાસ દર્શન કરો. નંદદાસજીએ શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં અને ગાયું -

'પ્રાત સમય શ્રીવલ્લભ સુતકો ઉઠત હિ રસના લીજીયે નામ.'

પછી તેમણે શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કર્યાં અને ગાયું -

'બાલગોપાલ લલનકો મોદ ભરી જસુમતિ હુલરાવે.'

શ્રીગુસાંઇજીની કૃપાથી નંદદાસજીના મનનો નિરોધ થયો. બીજા બધા પદાર્થોમાંથી ખેંચાઇને તેમનું મન શ્રીઠાકોરજીમાં લાગી ગયું. પછી તો પેલી ક્ષત્રાણી રસ્તામાં મળે તો પણ તેમનું ધ્યાન તેના તરફ ન જતું.

એક દિવસ નંદદાસજીના મનમાં આવ્યું કે તુલસીદાસજીએ રામાયણની રચના કરી છે તેવી રીતે લોકભાષામાં હું ભાગવતની રચના કરું. તેમણે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૧ થી ૨૯ અધ્યાય સુધી વ્રજભાષામાં લખ્યું પણ ખરું. પરંતુ બ્રાહ્મણોને આ વાતની ખબર પડી. તેઓ શ્રીગુસાંઇજી પાસે ગયા અને વિનંતી કરી મહારાજ ! નંદદાસજી જો આ રીતે ભાગવત લખશે તો અમારી આજીવિકાનું સાધન ઝુંટવાઇ જશે. આ સાંભળી પરમ દયાળુ શ્રીગુસાંઇજીએ નંદદાસજીને આજ્ઞા કરી તમે ભાગવત લખશો નહીં, બ્રાહ્મણોને ક્લેશ થાય છે. તમે કીર્તન કરો અને શ્રીઠાકોરજીની વ્રજલીલાનું ગાન કરો. નંદદાસજીએ શ્રીગુસાંઇજીની આજ્ઞા માની ભાગવતનું લખવાનું બંધ કર્યું.

સામ્પ્રદાયિક માન્યતા અનુસાર નંદદાસ અને તુલસીદાસના ભગવદ્ભાવ વિષેનો એક બીજો પ્રસંગ આ રીતે કહેવામાં આવે છે -

એકવાર તુલસીદાસજી નંદદાસજીને મળવા વ્રજમાં આવ્યા. નંદદાસજીની સાથે તેઓ કૃષ્ણમંદિરમાં ગયા. નંદદાસજીએ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. પરંતુ તુલસીદાસજી રામભક્ત હોઇ તેમણે પોતાનું મસ્તક ન નમાવ્યું. નંદદાસજીએ વિચાર કર્યો, તુલસીદાસજી રામચંદ્રજી સિવાય બીજા કોઇ પાસે મસ્તક નહીં નમાવે. તેથી અહીં ગોકુળમાં મારે તેમને શ્રીરામજીનાં દર્શન કરાવવાં જોઇએ. આવું વિચારી તેમણે શ્રીગોવર્ધનનાથજીને વિનંતી કરી.

કહા કહૌં છબી આપકી ભલે બિરાજે નાથ
તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ બાણ લેઉ હાથ !

નંદદાસજીની આ વિનંતી સાંભળી શ્રીગોવર્ધનનાથજીએ શ્રીરામચંદ્રજીરૂપે તુલસીદાસજીને દર્શન આપ્યાં. તુલસીદાસજીએ તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

નંદદાસજીના ગ્રંથોમાં ભ્રમરગીત, રાસપંચાધ્યાયી અને પંચમંજરી નામે ગ્રંથો ઉપલબ્ધ છે.

નંદદાસજીના લીલા પ્રવેશ અંગે આવી વાત કહેવામાં આવે છે - નંદદાસજીએ એક પદ રચ્યું હતું તેમાં તેમણે ગાયું હતું -

'દેખો દેખોરી નાગરનટ નર્તત કાલિન્દી કે તટ ! અને અંતે તેમણે ગાયું હતું - નંદદાસ ગાવે તહાં નિપટ નિકટ ॥' કોઇક તેમનું આ પદ અકબર બાદશાહની પાસે ગાઇ સંભળાવ્યું. બાદશાહની આજ્ઞાથી બીરબલ નંદદાસને બાદશાહ પાસે લઇ ગયો. બાદશાહે નંદદાસને પૂછ્યું, કનૈયો કાલિન્દીના તટ પર નાચતો હતો તે તમે નિકટ રહીને કેવી રીતે જોયું ?

નંદદાસજી ધર્મસંકટમાં આવી પડયા. તેમણે વિચાર્યું, આ તો સામ્પ્રદાયિક રહસ્ય છે. વિધર્મી પાસે તે પ્રકટ ન કરી શકાય. આથી તેમણે બાદશાહને કહ્યું, તમારા જનાનખાનામાં અમુક એક લોંડી (દાસી) છે. તેને આ બાબત પૂછી જુઓ. તે લોંડી પરમ ભગવદીયા વૈષ્ણવ હતી. નંદદાસ પરત્વે તેનો સાદર સ્નેહ-સંબંધ હતો. નંદદાસજીને ભગવલ્લીલાનાં દર્શન થતાં હતાં તે વાત તે જાણતી હતી. પરંતુ આવું રહસ્ય વિધર્મી બાદશાહને કેવી રીતે કહેવાય? આથી જ્યારે બાદશાહે તે લોંડીને તે વાત પૂછી ત્યારે, તે રહસ્ય પ્રકટ કરવાને બદલે તેણે પોતાનો દેહ છોડી દીધો.

બાદશાહ નંદદાસ પાસે પાછા આવ્યા. તે જ ક્ષણે નંદદાસે પણ પોતાનો દેહ છોડી દીધો. આશ્ચર્યચકિત થયેલ બાદશાહે બીરબલને પૂછ્યું. આ શું થયું ? આ બન્નેએ પોતાનો દેહ શા માટે છોડી દીધો ? આમાં શું રહસ્ય છે? ત્યારે બીરબલે કહ્યું આ બધી સમ્પ્રદાયની રહસ્યમય બાબતો છે. તે કોઇને ન

કહેવાય. જો કહે અને સાંભળનારને તેનામાં વિશ્વાસ ન આવે તો તેની ટીકા કરે. અને પોતાના પ્રભુની નિંદા કે ટીકા ન સાંભળવી પડે તેટલા માટે સાચા પ્રભુ ભક્તો આવી રહસ્યની વાત વિધર્મીઓને કહેવા કરતાં પોતાનો દેહ છોડવાનું વધારે પસંદ કરે છે. નંદદાસજી અને પેલી વૈષ્ણવ લોંડી બન્નેએ આપની પાસે પોતાનું સામ્પ્રદાયિક રહસ્ય પ્રકટ કરવાને બદલે દેહત્યાગ કરવાનું વિશેષ પસંદ કર્યું.

આ રીતે નંદદાસે સ્વધર્મ અને સ્વધર્મનાં રહસ્યો વિધર્મી બાદશાહ પાસે પ્રકટ કરવાને બદલે નિત્યલીલામાં પ્રવેશ કરવાનું વધુ પસંદ કર્યું. ધન્ય છે એવા પરમ વૈષ્ણવને.

* * *

---

(૩) પ્રેમલક્ષણા-મધુરભક્તિના ભક્ત-કવિ શ્રીદયારામભાઈ ભટ્ટ (ડભોઈ)

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત ‘આચાર્યશ્રીવલ્લભ’ માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

ભકતકવિ શ્રીદયારામભાઈનો જન્મ સંવત ૧૮૩૩ ના (ઈ.સ.૧૭૭૭) ભાદરવા સુદી એકાદશીને દિવસે મધ્યરાત્રીએ થયો.

ઈ.સ.૧૭૭૬ થી ૧૮૫૨ સુધીનો યુગ એટલે ગુજરાતના રસમાધુર્યનો યુગ. ગરબીઓ અને પ્રેમભક્તિના રસકવિ દયારામનો યુગ. એ સમયે ભારતમાં ઠેર ઠેર અરાજકતા, લૂંટફાટ વગેરે ફેલાયેલા હતા. આવા કપરા કાળમાં વડોદરા રાજ્યમાં ચાણોદ (તે સમયે ચંડીપુર તરીકે ઓળખાતુ હતું) પાસેના ડભોઈમાં મોસાળમાં જન્મ થયો. મહાલક્ષ્મી ઉર્ફે રાજકોરબાઈ એમની માતાનું નામ હતું. પિતાનું નામ પ્રભુરામ હતું. પુત્રનું ભાવિ જાણવાના પિતાએ પુત્રના જન્માક્ષર કરાવ્યા અને જ્યોતિષશાસ્ત્રના નિષ્ણાત એક મહાત્માને બતાવ્યા. તે જોઈને સંતે કહ્યું, આ પુત્ર ભવિષ્યમાં પરમ ભગવદ્ ભકત થશે. માતાપિતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવધર્મી હતા. એટલે દયારામભાઈના પણ એ ધાર્મિક સંસ્કાર બાળપણથી જ પડ્યા. શ્રીદયારામભાઈ જ્ઞાતિએ સાઠોદરા નાગર હતા. અને અટકે ભટ્ટ હતા. નાની વયમાં જ માતાપિતાનો ગોલોકવાસ થવાથી તેઓ ડભોઈમાં મોસાળમાં મોટા થયા.

એમણે અષ્ટાક્ષરની દીક્ષા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વંશજ શ્રીદેવકીનંદનજી મહારાજ પાસે ચાર વર્ષની વયે લીધી હતી અને બ્રહ્મસંબન્ધ દીક્ષા શ્રીવલ્લભલાલજી મહારાજ પાસેથી લીધી હતી અને પાકી મરજાદ પણ લીધેલી. શ્રીદયારામભાઈના નાનપણથી જ પ્રભુભક્તિ દૃષ્ટિગોચર થતી હતી. ડાકોરનિવાસી શ્રીઈચ્છારામ ભટ્ટજીના સત્સંગ ને સહવાસથી ભક્તિ વિશેષ દૃઢ

થઈ. દયારામભાઈને પુષ્ટિમાર્ગનું જ્ઞાન આપનાર ઈચ્છારામ ભટ્ટજી છે. તેને લીધે શ્રીદયારામભાઈને નવું જીવન પ્રાપ્ત થયું, નવી દૃષ્ટિ મળી અને તેને લીધે જ સંકલ્પ કર્યો કે જીવનનું ધ્યેય ભગવત્પ્રાપ્તિ છે ઈચ્છારામ ભટ્ટજીને પોતે જ્ઞાનગુરુ અને આધ્યાત્મિક રોગો દૂર કરનાર વૈદ્ય તરીકે તેઓ ઓળખાવે છે. તું વળાવો, તું નિઝામો, વૈદ્ય તું માબાપ આ રીતે ભટ્ટજી સાથેના સમાગમથી દયારામભાઈના જીવનમાં જબરો પલટો આવ્યો અને પુષ્ટિભક્ત બન્યા.

શ્રીદયારામભાઈનાં લગ્ન માટે એમના સગાંસંબંધીઓએ ખૂબ આગ્રહ કરવા માંડ્યો, અને દયારામને સૌએ ઘણા સમજાવ્યા પણ એમણે સાફ ના પાડી દીધી અને કહ્યું, મારું લગ્ન તો ક્યારનુંય શ્રીકૃષ્ણ સાથે થઈ ગયું છે. હવે લગ્ન શું ને વાત શી ? આમ કહીને એમણે નીચેની પંક્તિ તેઓ ગાઈ સંભળાવી.

‘એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો
નહીં સ્વામી બીજો રે, મારે નહીં સ્વામી બીજો.’

આ સાંભળીને માસીબાને બીજા સગાઓ છક્ક થઈ ગયા. એ પછી લગ્ન વિશેની વાત કોઈએ તેમની આગળ કરી નહીં. એ પછી દયારામભાઈએ ભારતવર્ષની ત્રણ ત્રણ વખત તીર્થયાત્રા કરી. એ જમાનામાં યાત્રાએ જવાનું કામ કપરું અને જાનના જોખમવાળું હતું. જીવનનાં બાર બાર વર્ષો સતત યાત્રામાં પસાર કર્યાં અને ભારતીય પ્રજાની સંસ્કૃતિ લોકાચાર અને સામાજિક જીવન વિષેનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો. જે એમનાં કાવ્યોમાં નજરે પડે છે.

પ્રવાસ દરમ્યાન મહાબળેશ્વરનાં દર્શન કરીને કવિ નાસિક તરફ દસબાર માણસો સાથે જતા હતા. રસ્તામાં જંગલ આવ્યું. અહીં પેલા માણસોએ જે સાથે યાત્રાળુઓ તરીકે હતા એ સૌએ દયારામભાઈને તથા તેમના સાથીદારોને લૂંટી લીધા અને કેદ કર્યા અને કહ્યું કે, તારે જો છૂટવું હોય તો અમને રૂા.૫૦૦-) આપો (આજના એ હજારો રૂપિયા થાય) કવિએ એ સાંભળીને જવાબ આપ્યો. હું તો યાત્રાળુ છું, મારી પાસે પૈસા નથી, હું તો કવિતા લખીને ગાઈને આજીવિકા મેળવું છું. એમ કહીને એક કવિતા ગાઈ સંભળાવી.

લૂંટારુઓએ તેમની કવિતા સાંભળીને છોડી મૂક્યા એ પછી રામેશ્વર જતાં બાલાજી તીર્થની યાત્રાએ દયારામ ગયા. ત્યાં સેવાપૂજાની સારી વ્યવસ્થા નહોતી. વળી મંદિરનો મહંત પણ લોભિયો (લાલચુ) આથી ત્યાં વધુ દિવસ રોકાયા નહિ પણ જ્યારે દયારામભાઈએ જવા માંડ્યું ત્યારે એ લોભી મહંતે માણસો મોકલી દયારામભાઈને પકડી મંગાવ્યા અને ચાર દિવસ સુધી રોકી રાખ્યા પણ જ્યારે તેને ખાત્રી થઈ કે કવિ પાસેથી પૈસા મળે એમ નથી ત્યારે તેણે જવા દીધા એ પછી દયારામભાઈ રામેશ્વર ગયા. રામેશ્વરનાં મંદિરનો બાવો શિવભક્ત હતો. તે કૃષ્ણની નિંદા કરવા લાગ્યો. એટલે દયારામભાઈને તેની વચ્ચે તકરાર થઈ. બાવાએ ગુસ્સે થઈને કવિને મારવા દંડો ઉગામ્યો. પણ તેનો હાથ અદ્ધર રહી ગયો. આ ચમત્કારથી બાવાને થયું કે આ પ્રભુનો કોઈ સાચો ભક્ત છે. એટલે તેણે દયારામભાઈને પગ પડી ક્ષમા માંગી. કવિશ્રી દયારામભાઈનો એક બીજો પ્રસંગ જાણવા જેવો છે.

વડોદરામાં શેઠ હરિભક્તિને ત્યાં એક પ્રસંગે સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. દયારામભાઈમાં કાવ્યશક્તિની સાથે સંગીતશક્તિ પણ જન્મથી હતી. દયારામભાઈ તંબૂરો, તબલા અને વાજિંત્રો સાથે પોતાનાં જ રચેલાં કાવ્યો ગાતાં ત્યારે શ્રોતાઓ ભક્તિરસમાં તરબોળ થઈ જતાં. દયારામભાઈ સાથે એમના શિષ્યો ગિરિજાશંકર તથા રણછોડભાઈ જોષી પણ હતા. કવિશ્રી દયારામભાઈએ પદ ગાવાની શરૂઆત કરી. દયારામભાઈના હાથમાં તંબૂરો હતો. ગિરિજાશંકર તબલા બજાવતા હતા. તબલાના તાલ આપવામાં ગિરિજાશંકરથી ભૂલ થઈ ગઈ. એ વખતે સભામાં બેઠેલા ઉસ્તાદ બાવાજી ઊભા થઈ ગયા અને તબલા વગાડનારની આ ભૂલને લઈને રસમાં ભંગ પડયો છે એમ બોલવા લાગ્યા. આથી કવિશ્રી દયારામભાઈએ ઉત્સાદ બાવાજીને તબલા બજાવવાની વિનંતી કરી. પછી તો દયારામભાઈને બાવાજી વચ્ચે

સંગીતની સ્પર્ધા જામી. બાવાજી પણ તબલાના જાણકાર હતા એટલે મચક આપે એમ ન હતા. દયારામભાઈએ અનેક અટપટા રાગો બદલીને બાવાજીની કસોટી કરી. એ હરિફાઈમાં બાવાજીની ભૂલ થતાં દયારામભાઈનો વિજય થયો. તેમ છતાં દયારામભાઈએ બાવાજીની સારા બજવૈયા તરીકે કદર કરી અને બક્ષિસ તરીકે પોતાના ગળામાં રહેલો કિંમતી હાર બાવાજીનાં ગળામાં પહેરાવી દીધો. આમાં શ્રીદયારામભાઈની ઉદારતાનાં દર્શન થાય છે. ગુણીજનની કદર ગુણીજન જ કરી શકે.

પુષ્ટિમાર્ગ દઢપણે માને છે કે દયારામભાઈ પૂર્વ જન્મમાં શ્રીકૃષ્ણની ગોપીઓમાંના એક હતા. કૃષ્ણાવતારમાં ગોપી સાથે પ્રણયકલહ થતા પ્રભુના દર્શન બંધ થયાં અને વિરહદશામાં દિવસો પસાર થવા લાગ્યા. પછી પ્રભુને વિનવણી કરતાં પ્રભુએ કહ્યું કલિયુગમાં કવિરૂપે તારો અવતાર થશે અને સખી ભાવે મારી ભક્તિ કરતા વિરહતાપથી અતિ વ્યાકુળતા થશે ત્યારે હું નિત્યલીલામાં તને બોલાવી લઈશ. આ રીતે પૂર્વજન્મનું સ્મરણ થતાં કવિએ અનુભવમંજરી કાવ્યમાં ગાયું છે કે

સાંભરી આવે મને પ્રીત પૂરવની,
તે અનુભવ આજ જાગ્યો રે !

કવિશ્રી દયારામભાઈ પ્રભુનો મહેલ નામના કાવ્યમાં લખે છે કે

'હું' ભાવ, 'પું' ભાવ ન્યોછાવર કરીને રે
શ્રીગિરિધરવર તમો વરજો રે,
એરે મંડાણનું મૂળ હરિ ઇચ્છા રે.
કૃપા વિના સિદ્ધ નવ થાય રે,
શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું રે,
દૈવી જન પ્રતિ દયો ગાય રે.

કવિશ્રી આ કાવ્યમાં કહે છે કે દીનતારૂપી પાત્રમાં મનરૂપી મણિ મૂકીને તેની ભેટ ધરજો. મનને પ્રભુમાં તન્મય કરજો અને હું ભાવ અહંતા) અને પુંભાવ (મમતા)ને ન્યોછાવર કરજો. કવિશ્રી કહે છે કે પ્રભુની જીવ ઉપર કૃપા થવી જોઈએ, એ પ્રભુકૃપાની પ્રાપ્તિ ગુરુનાં ચરણોમાં શરણભાવથી સિદ્ધ થાય છે, અન્યથા નહિ.

શ્રીદયારામભાઈને ૪૭-૪૮ વર્ષની વયે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સાક્ષાત્ દર્શન થયાં તે સમયે કવિશ્રીએ શ્રીવલ્લભાધીશને શ્રીનાથજીના સાક્ષાત્ દર્શન કરાવવા વિનય અને ભાવભરી વિનંતી કરી. એ વિનંતીના ઉત્તરરૂપે શ્રીવલ્લભાધીશે આશીર્વાદ આપી કહ્યું, તને શ્રીનાથજીનાં દર્શન થશે જ - થયા જ કરશે. દયારામભાઈ શ્રીકૃષ્ણના સ્મરણમાં જ મગ્ન રહેતા અને એમનાં જ ગુણગાન ગાતાં એટલે જીવનના અંત સમયે ગુરુકૃપાથી સાક્ષાત્ શ્રીનાથજીનાં દર્શન થયાં હતાં. એ વાતનું કવિશ્રીએ પોતાના અનુભવ મંજરી નામના કાવ્યમાં સુંદર રીતે વર્ણન કર્યું છે. જેનો સાર નીચે મુજબ છે.

જ્યારે શ્રીનાથજીએ કહ્યું, તું થોડા વખતમાં મારી પાસે આવશે. ત્યારે દયારામભાઈએ શ્રીનાથજીને પૂછ્યું, 'મારું આયુષ્ય કેટલું બાકી છે ?' શ્રીનાથજીએ જવાબ આપ્યો, ત્રણ વર્ષ જ બાકી છે ત્રણ વર્ષ બાદ ૭૬ વર્ષની વયે સંવત ૧૯૦૯ના મહા વદી પાંચમને દિવસે ડભોઈમાં પોતાના નશ્વરદેહને હંમેશને માટે છોડી નિત્યલીલામાં પ્રવેશ કર્યો.

કવિશ્રી દયારામભાઈના ભક્તજીવનનાં ત્રણ પાસાં હતાં. રસિક ભક્ત દયારામ, તત્ત્વજ્ઞ દયારામ અને ઉપદેશક દયારામ. તેમનાં કાવ્યોમાં ત્રિવેણીસંગમની માફક ભક્તિ, કર્મ અને જ્ઞાન એકબીજામાં ભળી જાય છે. પણ મુખ્ય પ્રવાહ તો ભક્તિરસનો જ રહે છે.

શ્રીદયારામભાઈએ માત્ર ગુજરાતીમાં જ નહીં, કચ્છી, મરાઠી, મારવાડી, પંજાબી, હિન્દી, સંસ્કૃત અને વ્રજભાષા વગેરે ભાષાઓમાં સુંદર કાવ્યો લખ્યાં છે. દયારામભાઈનાં તમામ કાવ્યો પ્રભુના સંબંધવાળાં છે. પ્રભુ

સિવાય બીજા કોઈના વિષયની તેમણે કવિતા લખી નથી કે ગાઈ નથી. બીજાના વિષે કાવ્યો લખવાની બીજી ઘણી લાલચો આપવા છતાં એ બધી જ લાલચો જતી કરી હતી. એઓશ્રીએ ધાર્યુ હોત તો રાજા મહારાજાઓને શ્રીમંતો વિષે કવિતાઓ લખીને ઘણું ધન પ્રાપ્ત કર્યું હોત અને રાજકવિ બન્યા હોત. માનમરતબો ભોગવ્યો, મેળવ્યો, હોત પણ તેવાં કોઈ પ્રલોભનોને વશ થયા વિના પ્રભુપ્રાપ્તિના પ્રયાસોમાં જ મસ્ત રહ્યા. જેમ પુષ્પમાં સૌરભ, તેમ દયારામભાઈની કવિતામાં શ્રીકૃષ્ણ માટે પ્રેમભક્તિ જ નજરે પડે છે. શ્રીકૃષ્ણભક્તિ એ જ દયારામભાઈને મતે કવિતાનો આત્મા છે. શ્રીકૃષ્ણ એ જ એમનું સર્વસ્વ હતું. તે જ તેમના જીવનાધાર અને સ્વામી હતા. શ્રીકૃષ્ણને જ પોતાના હૃદયનો રતિરસ આપ્યો હતો. દયારામભાઈએ પોતાના સ્વામી શ્રીકૃષ્ણ સાથે જે રસમસ્તી માણી હતી, અનુભવી હતી એ લાગણીઓનાં સ્પંદનોને આબેહૂબ સુંદર ચિતાર પોતાની ગરબીઓ અને કાવ્યોમાં કર્યો છે.

અંતમાં ગુજરાતના મહાકવિ શ્રીન્હાનાલાલ દલપતરામ કવિના શબ્દોમાં કહીએ તો દયારામ એટલે ગુજરાતની પૂર્ણિમાનો રસચંદ, શ્રીકૃષ્ણે યમુનાતીરે વ્રજમાં રસસૌન્દર્યની બંસરી વગાડી હતી એ જ અમૃત બંસરી દયારામભાઈએ રેવા (નર્મદા) તીરે વગાડી, એમની ગરબીઓએ ગુજરાતને આંગણે અને ચોકે ચોકે ફૂલડાં વેર્યાં. દયારામ એટલે ગુજરાતનું નારી સંગીત. એમની એક એક ગરબી ગુજરાતનું મહામૂલ્યવાન રસમોતી છે.

* * *

(૪) શ્રીવલ્લભસિદ્ધાન્તના અને તેમાં પણ શ્રીસુબોધિનીના ઉત્તમ વિદ્વાન પરમ ભગવદીય

શાસ્ત્રીજી શ્રીમગ્નલાલ ગણપતરામ

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' માસિકપત્રમાંથી સાભાર-ઉદ્ધૃત)

લેખક : ગો.વા.પ્રો.શાન્તિલાલ મહેતા-વડોદરા

'ધન્ય જીવન' જીવનાર વલ્લભ સંપ્રદાયના દૈવી જીવ પ્રો.મગ્નલાલ ગણપતરામ શાસ્ત્રીનો જન્મ સંવત ૧૯૩૦ ના માગસર વદ ૪ ના રોજ માતર (જિ.ખેડા)માં થયો હતો જ્ઞાતિએ ઔદિચ્ય ટોળકિયા બ્રાહ્મણ હતા, તેમનું કુટુંબ પુષ્ટિમાર્ગ ધર્મ પાળતું હતું અને પુરાણી તરીકે ઓળખાતું હતું. ચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં જન્મ હોવાથી વૈષ્ણવતાનો વારસો તેમના પિતાથી મળ્યો હતો.

પ.ભ.મગ્નલાલભાઈએ નાનપણમાં ઋગ્વેદનું અધ્યયન કર્યું હતું અને મંદિરમાં તેમના પિતા પાસે બેસી જ્યારે શ્રીમહાપ્રભુજીના ઘણા ગ્રંથોને સાંભળ્યા અને વાંચ્યા ત્યારે તેમાં રહેલી અનન્યતા, ધીરજ અને બોધ એ ત્રિપુટીએ તેમના હૃદય પર ભારે અસર કરી જે પ્રભુમાં અનન્ય આસક્તિના રૂપમાં પરિણમી. કુટુંબના સંસ્કારો તથા સંજોગોએ શ્રીમહાપ્રભુજી પ્રત્યેની એ આસક્તિને એટલી બધી દઢ બનાવી કે આંગ્લભાષાનો પૂરેપૂરો અભ્યાસ કરવા છતાંયે આજની અંગ્રેજી કેળવણીનો એકપણ દોષ તેમનામાં ઘૂસવા પામ્યો નહિ. સંસ્કારોની અભેદ ભીંતો વચ્ચે તેમનું હૃદય ઉદાર સંપ્રદાયરત વિદ્યાવ્યાસંગવાળું, અને ચરિત્ર નિષ્કલંક રહેવા પામ્યા.

મેટ્રિક સુધીનો અભ્યાસ ભરૂચમાં પૂરો કરી સંવત ૧૯૪૭ ઈ.સ.૧૮૯૧માં વડોદરા કોલેજમાં દાખલ થયા, તેમાં મગ્નલાલજી શાસ્ત્રી જુદા જ તરી આવતાં. અંગ્રેજી ભણતરની સાથે જ્યારે સનાતન ધર્મનો લોપ

સપાટાબંધ થઈ રહ્યો હોય તેવા સમયે સફાઈદાર પાટલીવાળું ધોતીયું, લાંબો કોટ, દક્ષિણી જોડા, ગૌર કપાળમાં વાળ સુધી પહોંચે તેવું જાડું અને પહોળું તિલક, ઉપવીત અને કંઠી ધારણ કરતા હતા.

શાસ્ત્રીજી ઈ.સ.૧૮૯૭માં બી.એ. થયા. માત્ર બે જ માર્કસ માટે તેમણે બી.એ.નું સંસ્કૃતનું ઈનામ ગુમાવ્યું. શાસ્ત્રીજીને ઈનામ ન મળ્યું, પરંતુ વડોદરા કોલેજમાં તે જ વર્ષે તેમને ફેલોશિપ મળી. શાસ્ત્રીજીનો વિચાર અણુભાષ્ય લઈ એમ.એ. થવાનો હતો પરંતુ તે વખતે મુંબઈ વિદ્યાપીઠમાં અણુભાષ્યનો વિષય ઐચ્છિક વિષય તરીકે સ્વીકારાયો નહોતો. એટલે કલકત્તા યુનિવર્સિટીમાં એમ.એ. થયા અને મુંબઈ ઈલાકાના કેળવણી ખાતાએ તરત જ તેમને એલ્ફિસ્ટન હાઈસ્કુલમાં શિક્ષક તરીકે નીમી દીધા.

તેમની શિક્ષણ શૈલી તથા જ્ઞાન એવાં અદ્‌ભુત હતાં કે કેટલાક ગોસ્વામી બાળકો પણ તેમનાથી શિક્ષણ લેતા હતા અને તે પૈકી અણુભાષ્યોનું અધ્યયન કરનાર પૂ.નિ.લિ.ગો.શ્રીઅનિરુદ્ધલાલજી અને પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી (સૂરત) પણ હતાં શિક્ષક તરીકે રહ્યા તે દરમ્યાન સાંપ્રદાયિક માસિકોમાં અવારનવાર લેખો લખતા. તેમણે 'શ્રીસુબોધિનીજી' નામે માસિક પણ ચલાવ્યું હતું. આ રીતે શાસ્ત્રીજીએ સંપ્રદાયમાં ઘણું ઊંચું સ્થાન મેળવ્યું હતું. પુષ્ટિમાર્ગ વિષે શાસ્ત્રાર્થ કરવા માટે તેઓ સદાયે તત્પર રહેતા હતા.

ઈ.સ.૧૯૧૫માં તેઓશ્રી પૂનાની ડેક્કન કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર નિમાયા છતાં પણ મુંબઈમાં તેમની બધી જ પ્રવૃત્તિઓ ચાલુ રહી મુંબઈમાં તેમણે શ્રીપુરુષોત્તમ મંડળ સ્થાપ્યું. તેમાં તેમનો હેતુ એવો હતો કે આ મંડળના સભ્યોને દશદિગન્તવિજયી લેખવાળા ગો.શ્રીપુરુષોત્તમજીના ગ્રન્થોનો અભ્યાસ કરાવવો. તે માટે દર શનિવારે પૂનાથી મુંબઈ આવતા અને સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન-અધ્યયન કરાવતા હતા. શ્રીપુરુષોત્તમ મંડળના કાર્યકર્તાઓએ પણ તેમને સન્માનપત્ર આપી તેમના ઋણનો સ્વીકાર કર્યો હતો. કઠણ ગણાતો અણુભાષ્યનો વિષય તેમને મન એટલો બધો સરળ થઈ ગયો હતો કે

તેના અટપટા ભાગને પણ તદ્દન સરળ ભાષામાં તેમજ પાટિયા પર નકશા કે ચિત્રો દોરીને સમજાવી શકતા હતા. પૂનાના ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટમાં એમ.એ. ના વિદ્યાર્થીઓને આ વિષય એટલી બધી સરળતાથી શીખવતા કે વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનથી અંજાઈ જતા અને તેમની સિદ્ધ હથોટી માટે સર્વત્ર વખાણ કરતા. અણુભાષ્યને ઐચ્છિક વિષય તરીકે નિ.લી.પૂ.ગો. શ્રીગોકુળનાથજી મહારાજશ્રીએ મુંબઈ વિદ્યાપીઠમાં દાખલ કરાવેલુ પરંતુ કોઈ વિદ્યાર્થી એમ.એ.માં અણુભાષ્ય લેતો ન હતો તેથી શ્રીશાસ્ત્રીજીએ તેમના જમાઈ શ્રીગોવિંદલાલ ભટ્ટને એમ.એ.માં અણુભાષ્યના પહેલા વિદ્યાર્થી તરીકે તૈયાર કર્યા હતાં.

ઈ.સ.૧૯૩૧-૩૨ માં શાસ્ત્રીજી પ્રોફેસરપદેથી નિવૃત્ત થયા. તેમની આગળ બે સૂચનાઓ મૂકવામાં આવી. કાં તો જીવન રહે ત્યાં સુધી અર્ધા પગારનું પેન્શન લેવું અગર દસ વર્ષનો પગાર પેન્શનરૂપે ઉચ્ચક લઈ લેવો. શાસ્ત્રીજી રોકડી રકમ લઈ નિવૃત્ત થઈ ભરૂચ આવ્યા. ભરૂચમાં પણ અધ્યયન અને અધ્યાપનનો તેમનો નિત્ય-નિયમ હંમેશ મુજબ ચાલુ રહ્યો. સવારે પાંચ વાગે શાસ્ત્રીજી ઉઠતા અને પ્રભુચરણ, શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી, નિત્યક્રિયા પતાવી શ્રીસુબોધિનીજીનાં પ્રૂફો તપાસતા. પછી શ્રીઠાકોરજીની સેવામાં સહાયભૂત થતા. એ પછી પ્રસાદ લઈ થોડીવાર આરામ કરતા એટલામાં ત્રણ વાગે તો ગામમાંથી કથા શ્રવણ કરવા વૈષ્ણવોનો સમૂહ આવતો એમાં એક પારસી ગૃહસ્થ પણ રસપૂર્વક શ્રીસુબોધિનીજીનું શ્રવણ કરવા આવતા. સાધુ-સંન્યાસીઓ પણ આવતા. સાંજના ચારથી છ સુધી સૌ શ્રીસુબોધિનીજીના વ્યાખ્યાનમાં તલ્લીન થઈ જતા. એ પછી હવેલીએ અને શ્રીમહાપ્રભુજીની બેઠકજીએ દર્શન કરવા જતા, રાત્રે પ્રસાદ લઈ પ્રભુસ્મરણ કરતાં સૂઈ જતા. આ પ્રમાણે શાસ્ત્રીજીનું જીવન પ્રભુમય હતું.

ઈ.સ.૧૯૩૪ માં ટાઉન હોલમાં કરસનદાસ મૂળજી શતાબ્દી પ્રસંગે આંગ્લભાષા વિશારદો અને ધુરંધર શાસ્ત્રીઓની શિક્ષિત મેદની વચ્ચે પ્રો. મગ્નલાલ શાસ્ત્રીજીએ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો પર મનનીય અને સચોટ

પ્રવચન અંગ્રેજીમાં આપ્યું હતું. એ વ્યાખ્યાન પુષ્ટિમાર્ગના વિરોધીઓને પણ મહાત કરે એવું હતું. શાસ્ત્રીજી સાત્ત્વિક પ્રકૃતિવાળા અને સંપ્રદાય પ્રત્યે એક નિષ્ઠાવાળા હતા. તેમનું હૃદય ઘણું સરળ, સ્વચ્છ બિલોરી કાચ જેવું હતું. શ્રીમહાપ્રભુજીને પ્રિય થાય તેવું સાદું જીવન અને ઉચ્ચ વિચારના શાસ્ત્રીજી હિમાયતી હતા. પોતે એમ.એ. સુધી એ જમાનામાં ભણેલા હતા તેમજ રોયલ એશિયાટિક સોસાયટીના સભ્ય હોવા છતાં પોષાકનો ડડારો તેમને પસંદ ન હતો. તે જમાનાના ગ્રેજ્યુએટોની માફક તેઓ હેટ, પાટલુન વગેરે કાંઈ પહેરતાં નહીં કોલેજમાં પોતે પ્રોફેસર તરીકે જતાં ત્યારે ધોતીમાં બંડી ઉપર કોટ પહેરતા અને માથે જરીની લાલ પાઘડી કાયમ ધારણ કરતા. દંભ અને આડંબર તેમને પસંદ ન હતા. વિચાર, વાણીને વર્તનનું સૂત્ર જીવનમાં ઉતાર્યું હતું. પ્રતિષ્ઠાનો મોહ પણ જતો કરતા હતા. શાસ્ત્રીજી પાખંડ અને પ્રપંચના કટ્ટર વિરોધી હતા. અને તેવા પ્રસંગે તેઓ દુર્વાસા બની જતા. પરંતુ તે ક્રોધ લાંબો સમય ટકતો નહિ. લોકોત્તર પુરુષોમાં આવો ક્રોધ સામાન્ય અને ક્ષણિક હોય છે. તેમની આ ક્રોધયુક્તતા પણ મૃદુતાથી જ સંયુક્ત હતી.

શાસ્ત્રીજીમાં ઉદારતા પણ અનુકરણીય હતી. પોતાનાં પુસ્તકો બીજાને વાંચવા આપવા માટે ઘણા મોટા માણસોને પણ અચકાતા જોયા છે. જ્યારે તેઓ વિદ્યાર્થીઓને રિસર્ચ માટે પુસ્તકો આપી સહાયભૂત થતા હતા. તેમને ઘણાં સ્થળેથી ચંદ્રકો તથા માનપત્રો મળ્યાં હતાં. વડોદરાના મહારાજા શ્રીસયાજીરાવ ગાયકવાડે એમને ખાસ બોલાવી પુષ્ટિમાર્ગ વિષે પોતાની સમક્ષ બે ત્રણ ભાષણો કરાવ્યાં હતાં.

ગુજરાતના પ્રખર સાક્ષર શ્રીબળવંતરાય ક.ઠાકોર તેમના સ્વભાવ માટે ઉલ્લેખ કરતાં કહે છે, શાસ્ત્રીજીના ચારિત્ર્યમાં અને જીવન વ્યવહારમાં કેટલાંક તત્ત્વો એવાં હતાં, એવી મક્કમતા અને એવી સરળતા અને નિર્મલતા હતી, એવી ઋજુતા અને સાત્ત્વિકતા હતી, એવી નિઃસ્વાર્થતા અને વિનમ્રતા હતી, એવી કર્તવ્યનિષ્ટા અને તપોમયતા હતી, એવી સાદાઈ અને શાંતિ હતી કે સામાન્ય વાણી એ કશાને જ ન્યાય આપી શકે નહીં.

શ્રીસુબોધિનીજીના અભ્યાસી તરીક પુષ્ટિમાર્ગીય સાક્ષરોમાં પંડિતોમાં તેમનું સ્થાન અજોડ હતું. શાસ્ત્રીજી શાંકર, રામાનુજ અને નિંબાર્ક ભાષ્યોનાં તેમજ ન્યાય, સાંખ્ય, મીમાંસા અને આયુર્વેદના પણ સુંદર અભ્યાસી હતા. એવું પાંડિત્ય આજે દુર્લભ છે. તેમને જ્યોતિષ વિષેની પણ સારી જાણકારી હતી. પોતાનાં જીવનનું વર્ષફળ પણ એ કુતૂહલની દૃષ્ટિએ જોતા અને સમજતા. પોતાનાં જીવનનાં અંતિમ વર્ષના જીવનપલટા વિષે પણ આ રીતે જ જાણેલું. તેમણે દુનિયાદારીનું કામ આટોપી લેવા માંડ્યું. પોતાની બન્ને પુત્રીઓને સંપીને રહેવાની અને ભગવત્‌સેવા જાળવી રાખવાની સલાહ આપી. અંતિમ સમયે સૌ વૈષ્ણવોને મળીને, મંદિરે દર્શન કરી ઘરે આવ્યા. નિત્ય નિયમ મુજબ પ્રભુસ્મરણ કરી શ્રીમહાપ્રભુજીના ચિત્રને દંડવત્ કરી સૂતા. તા. ૧૮-૭-૩૫ ને આષાઢ વદ ૨ ને ગુરુવારે શાસ્ત્રીજીનો ગોલોકવાસ થયો. તેમનું જીવન જેટલું સાદું અને સરળ હતું, તેવું જ મૃત્યુ પણ મીઠુ સાંપડ્યું. આવું મીઠું મૃત્યુ ખરેખર વિરલ હોય છે ને બહુ જ ઓછાને સાંપડે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના કટ્ટર અનુયાયી હોવા છતાં તે પરમત સહિષ્ણુ હતા. તેમના મિત્રમંડળમાં પારસી, મુસ્લિમ વગેરે પણ હતા. તેમના ગીતાના પ્રવચન વખતે ખોજાબાઈ પણ નિયમિત આવતા હતા. શ્રીશાસ્ત્રીજીની શ્રીમહાપ્રભુજી પ્રત્યેની ભક્તિ ખૂબ જ દૃઢ અને અનુકરણીય હતી શ્રીશાસ્ત્રીજી કહેતા કે કોઇ પણ ગ્રંથમાં મને મુશ્કેલી જણાય અને તે ન સમજાય તો શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી ફરીથી વાંચતાં તે મને સમજાઇ જાય છે. શ્રીશાસ્ત્રીજી આટલા જ્ઞાની હોવા છતાં તેઓ ચોક્કસપણે માનતા કે સંપ્રદાય સમજવાનું પહેલું પગથિયું શ્રીઆચાર્યચરણની કૃપા છે તે વિના ગમે તેવા પંડિત હોય તો પણ તે રહસ્ય ન સમજી શકે. અને તેમનો એક જ આદેશ અને તે એ કે :-

But Leave not શ્રીનાથજી and શ્રીમહાપ્રભુજી

ગોસ્વામી બાળકો પ્રત્યે શાસ્ત્રીજી સંપૂર્ણ સ્નેહ રાખતા. જો કે વખત

આવે ત્યારે જે કાંઈ કહેવાનું હોય તે નિઃસંકોચ પણે કહી નાખતાં, પરંતુ તેથી તેમના પૂજ્ય ભાવમાં કદી પણ ખામી આવવા દેતા નહીં. એક વખતે એક ગોસ્વામી બાળકે ચાર ઘોડાની ચોકડીમાં બેસી ફરવા જવાની ઈચ્છા બતાવી (એ જમાનામાં ગાડીઓ હતી નહીં) ત્યારે તેમણે ટકોર કરી કે વેદ, ગીતા, સૂત્ર અને શ્રીમદ્ ભાગવતરૂપી ચોકડીમાં બિરાજશો ? અર્થાત્ એ માટેનાં સાહિત્યમાં નિપુણ થશો ? ઘણી વખત તેઓ ગોસ્વામી બાળકોને કહેતા કે આપના પૂર્વજોનું ગ્રંથોનું અધ્યયન કરી, પરિશીલન કરી તે મુજબ કૃતિમાં મૂકો, પછી વચનામૃત કરો.

આપશ્રીને પુષ્ટિભક્તિમાં અને આચાર્યચરણના સિદ્ધાન્તોમાં અનન્ય શ્રદ્ધા હતી. તેઓ અનન્યતા અને અનન્યાશ્રયનો ત્યાગ ક્યારેય કરતા ન હતાં. તેમનાં પત્નીની માંદગી પ્રસંગે માનતા રાખવાનું કોઈએ કહ્યું ત્યારે તે વાત તેમને જરાયે ન ગમી. ભલે જે થવાનું હોય તે થાય પણ અન્યાશ્રય તો થાય જ કેમ? શાસ્ત્રીજી પોતાના વિચારોમાં મક્કમ રહ્યા અને માનતા ન જ રાખી અને અન્યાશ્રય ન જ કર્યો.

પુષ્ટિમાર્ગમાં પૂ.શાસ્ત્રીજી મન્નલાલ એટલે સંપ્રદાયનો પ્રકાશ, સંપ્રદાયની શોભા, સંપ્રદાયની કીર્તિરૂપ હતા. તેમણે સંપ્રદાય માટે સમસ્ત જીવન ઘસી નાંખ્યું. દધીચિએ પોતાનાં અસ્થિ ઈન્દ્રને આપ્યાં તેમ શાસ્ત્રીજી પોતાની આખી જિંદગી સંપ્રદાયને આપી દીધી હતી. પ્રવાહમાં તણાયા વિના, પ્રવાહના તટ પર ઊભા રહી, તે બધી પ્રવૃત્તિઓનું ઝીણવટથી નિરીક્ષણ કરતા અને બધાથી પર છતાં બધામાં ઓત-પ્રોત બની ગયા હતા. લેખન અને મનન મારફતે જગતને ઉપકારક બની ગયા હતા અને અમર બની ગયા. આવા પરમ ભગવદીય શ્રીદામોદરદાસ હરસાનીના અવતાર સમા પરમ ભગવદીય અને શ્રીમહાપ્રભુજીના પરમકૃપાપાત્ર શાસ્ત્રીજી શ્રીમન્નલાલજીને ખૂબ જ આદરપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

* * *

(૫) પંડિત પંચાનન શ્રીબદરીનાથજી શાસ્ત્રીજી

લેખક : શાસ્ત્રીજી શ્રીપ્રદ્યુમ્નભાઈ શુક્લ-વડોદરા

પંડિત પંચાનન શ્રીબદરીનાથ કાશીનાથ શાસ્ત્રીજી વડોદરાની શ્રીગોડ જ્ઞાતિમાં કાશીનાથ શાસ્ત્રીજીને ગંગાજી માની કુખે ઈ.સ.૧૮૯૮ના વૈશાખ સુદ દશમીના દિવસે જન્મ થયો હતો.

શ્રીરઘુનાથ શાસ્ત્રીજીથી લઈને શ્રીબદરીનાથજી આઠમી પેઢીએ એ જન્મેલ એમની આઠ પેઢીથી ભાગવત કથા પરંપરા અને શ્રીદ્વારકાધીશ પ્રભુની સેવા પરંપરા વૈષ્ણવતાની પરંપરા છે. શ્રીરઘુનાથ શાસ્ત્રીજીની કથા લાડવાડામાં કોઈ વ્યક્તિને ત્યાં હતી એ વ્યક્તિ એ કથાની ભેટમાં આ સ્વરૂપ પધરાવી આપેલું. એ વ્યક્તિને ત્યાં ચાંદોદથી પધારેલ એવું સાંભળેલ છે.

વડોદરામાં રાજકીય પાઠશાળા વિઠ્ઠલ મંદિરમાં હતી તેના પ્રધાનાચાર્ય શ્રીરાજારામ શાસ્ત્રી હતા. એ રહેતા હતા સયાજીરાવ દવાખાનાના દરવાજાની પહેલા આવેલ મકાનમાં એમના મકાનની સામે ગણપતિ મંદિરમાં ટોપરે શાસ્ત્રીજી સંધ્યા કરતા હતા. ટોપરે શાસ્ત્રીજીએ વિચાર ત્રયી નામનો એક ગ્રન્થ લખેલો. એના સામે કોઈ પંડિતે ટોપરાટોપવિમર્શ નામનો ગ્રન્થ લખેલો. ટોપરે શાસ્ત્રીજીના ઘણા વિદ્વાન શિષ્યો હતા. એમાંના એ શ્રીછોટુ મહારાજ શિષ્ય હતા.

શ્રીબદરીનાથ શાસ્ત્રીજીના પિતાજી શ્રીકાશીનાથ શાસ્ત્રીજી અને મોટાકાકા શ્રીરમણનાથ શાસ્ત્રીજી શિષ્ય હતા. શ્રીકાશીનાથ શાસ્ત્રીજી ભણવા જાય ત્યારે ગુરુજી કાશીનાથજીને પોતાની સાથે ગાદી પર બેસાડીને ભણાવતા કારણ કે પહેલે દિવસે ભણાવેલું બધું જ આ શિષ્યને કંઠસ્થ થઈ જતું એટલે એમના ઉપર ગુરુનો અધિક પ્રેમ હતો. શ્રીકાશીનાથ શાસ્ત્રીજી સોળ વર્ષની ઉમરથી ભાગવત કથા કરતા હતા. એમાં પ્રતિવાર્ષિક નડિયાદમાં કથા કરવા

પણ જતા હતા.

શ્રીકાશીનાથ શાસ્ત્રીજી વીસ વરસની અંદરની ઉંમરમાં પ્લેગ રોગના ઉપદ્રવમાં હરિશરણ થયા ત્યારે બદરીનાથજીની ઉંમર ૬ થી ૮ મહિનાની જ હતી અને તેમણે પિતાજીનું શિરછત્ર ગુમાવ્યું.

શ્રીરમણનાથ શાસ્ત્રીજી સમગ્ર દર્શન શાસ્ત્રોના, વ્યાકરણના, વેદાન્તના વલ્લભ સિદ્ધાન્તના, સાહિત્યના અને શ્રીભાગવતના પ્રખર વિદ્વાન હતા. વડોદરાની મહેતા પોળમાં આવેલા શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં ગો.શ્રીમાજી મહારાજ બિરાજતા હતા એ સમયમાં એવી પ્રથા હતી મંદિરના જોષી અને પુરાણી પણ રહેતા હતા. તો મંદિરના પુરાણી હરિશરણ થયા પછી એક વક્તા આવ્યા. ભાદરવા સુદ નોમથી ભાગવતકથા પ્રારંભ કરી પણ ભાદરવા વદ ૧૩ થવા આવી કથા પૂર્ણ ન થઈ ગો. શ્રીમાજી મહારાજે કહ્યું હવે જ્યાં સુધી ત્યાં સુધી પણ સમાપ્તિ કરો.

બીજા વર્ષે એમણે મંદિરના જોષીજી ને કહ્યું મંદિરમાં પુરાણીજી કોઈ સારા પુરાણીજી જોઈએ છે. ત્યારે જોષીજી એ કહ્યું કે લગભગ વીસેક વર્ષના છે. શ્રીરમણનાથ શાસ્ત્રીજીને બોલાવ્યા. શ્રીરમણનાથ શાસ્ત્રીજી સુંદર કથા વાંચે છે. બીજે વર્ષે શ્રીરમણનાથ શાસ્ત્રીજીને બોલાવ્યા. શ્રીરમણનાથજીના કથા પ્રસંગે વડોદરાના વૃદ્ધ વૃદ્ધ વિદ્વાનો ભાગવતજીનાં પુસ્તકો લઈને આવ્યાં, કહે કે જોઈએ તો ખરા કે આ છોકરો સાત દિવસમાં ભાગવત પૂર્ણ કેવી રીતે કરે છે ? પણ ખૂબ જ સુંદર રીતે એક પણ શ્લોકનો અર્થ ન છૂટે અને રસમય કથાપ્રવાહથી બધા જ અતિ પ્રસન્ન થયા.

શ્રીરમણનાથ શાસ્ત્રીજીએ સંસ્કૃતમાં બે-ત્રણ કાવ્ય લખ્યાં હતાં. મુંબઈ સુરતમાં ઘણી કથા થઈ હતી. પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીદીક્ષિત મહારાજશ્રીના મુખે સાંભળેલું કે પિતાજી એમ કહેતા આજે શ્રીરમણનાથજીની કથામાં જવાનું છે થોડા વહેલા જઈએ, કથા શ્રવણનો આનંદ પણ લેવો છે.

શ્રીરમણનાથ શાસ્ત્રીજીના વ્યાસપીઠે પાટણના શ્રીઉજમશી પીતામ્બરે અષ્ટોત્તરશત પારાયણ કથા મહોત્સવનું આયોજન કરેલું.

આવા મોટા કાકાશ્રી રમણનાથ કાકાશ્રીની ગોદમાં શ્રીબદરીનાથ શાસ્ત્રીજી મોટા થવા લાગ્યા. કાકાશ્રીએ જ એમનાં યજ્ઞોપવીત સંસ્કાર કરેલા અને બદરીનાથજીનાં હીરાલક્ષ્મી નામની કન્યા સાથે વિવાહ લગ્નવિધિ પણ સંપન્ન કરેલા.

બદરીનાથ શાસ્ત્રીએ પોતાના કાકા પાસે જ સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરેલ. વડોદરા શ્રાવણમાસ પરીક્ષામાં સાહિત્ય શિરોમણિની પદવી તેમને સંપૂર્ણ ગુણાંક સાથે મેળવેલી. ન્યાયશાસ્ત્રમાં એમના ગુણાંક જોતાં એ સમયના વિદ્યાધિકારીએ એમને બોલાવેલા અને કહ્યું હતું કે તમે મિથિલા પં.શ્રીબચ્ચાઝા પાસે ભણવા જાવ, તમારો બધો જ ખર્ચ રાજ્ય આપશે. બદરીનાથજી એ ઘરે આવી પોતાના કાકાશ્રીને આ વાત કરી તો કાકાએ કહ્યું ભઈલા, મારી પાસે જે જ્ઞાન છે એકવાર એ બધું ભણી લે પછી બીજે ભણવા જવાની વાત.

બદરીનાથ શાસ્ત્રીજીની સત્તર અઢાર વર્ષની ઉંમર હશે. યજ્ઞ કરાવનાર તે સમયના એક પ્રકાંડ યાજ્ઞિક ચુનિભાઈ યાજ્ઞિકજી હતા. યજ્ઞમાં સ્તુતિ ગવાતી હતી. શંકરાચાર્ય રચિત ગોવિંદાષ્ટક. એ સમયે બદરીનાથજી કોઈ સાથે વાત કરતા હતા તેથી યાજ્ઞિક આચાર્ય ગુસ્સે થયા અને બોલ્યા સ્તુતિમાં ધ્યાન નથી આપતો અને વાતો કરે છે. ત્યારે બદરીનાથજી એ કહ્યું આવી સ્તુતિ હું પણ લખી આપું, એમાં શી મોટી વાત છે. એટલે યજ્ઞાચાર્ય ગુસ્સે થયા. કાગળ પેન્સીલ આપ્યા અને કહ્યું મોટી વાતો કરે છે, લે, લખી આપ. શ્રીબદરીનાથજીએ દસ-પંદર મીનીટમાં ‘શ્રીગોપાલાષ્ટપદી’ રચી અને લખી આપી. એની એક પ્રત આ સાથે છે.

એમણે એમના જીવનમાં ઘણી જ કથાઓ અષ્ટોત્તરશત, અષ્ટોત્તર સહસ્રના વ્યાસપદે કરેલી.

અમદાવાદમાં માધુપુરામાં અષ્ટોત્તરશત મહોત્સવમાં શાસ્ત્રીજીની શોભાયાત્રામાં એકાવન બળદનો રથ બનાવ્યો હતો. નીલકંઠ મહાદેવ, પ્રેમદરવાજા, રાયપુર, કામનાથ મહાદેવ, પાલડી આમ અનેક સ્થળે અષ્ટોત્તર શત ભાગવત મહોત્સવમાં પ્રધાન વ્યાસપદે બિરાજી કથા કરી છે. સમસ્ત ગુજરાત મુંબઇ મોટા શહેર ગામડામાં પણ એમની કથામાં ક્યારે પણ કોઇને પણ કંટાળો ન આવતો. એક કથામાં ચાલુ કથાએ શ્રોતામાંથી એક ભાઇ ઊભા થયા અને પૂછ્યું કે શાસ્ત્રીજી હમણાં જે શ્લોક આપ બોલ્યા એના પછીનો શ્લોક કયો ? એટલે શાસ્ત્રીજીએ થોડીક ક્ષણ રોકાઇને કહ્યું કે હું જે શ્લોક બોલ્યો એના પહેલાંનો શ્લોક આપ બોલશો ? એ ભાઇ તો કશું ન બોલી શક્યા. પણ શાસ્ત્રીજી એના પહેલા આ શ્લોક એના પહેલા આ શ્લોક આમ દસ શ્લોક બોલી ગયા. પછી એના પછીનો એના પછીનો એમ ઘણા શ્લોક બોલી ગયા પછી કહ્યું આમ આપણને આવડતું હોય તો, પરંતુ બ્રાહ્મણનું અપમાન કરવા પૂછવું નહીં.

એકવાર એમની આગળ એક માયાવાદી વક્તા આવ્યા અને કહે બાપજી, મને તો ભાગવતમાં માયાવાદ જ દેખાય છે. શાસ્ત્રીજીએ કહ્યું ક્યાં છે? મને નથી દેખાતો, તો આવનાર કહે, પ્રથમ શ્લોકમાં જ છે ને - 'યત્ર ત્રિસર્ગો મૃષા' આ માયાવાદ છે. શાસ્ત્રીજી કહે આ શ્લોક જગતનું વર્ણન કરે છે કે બ્રહ્માનું, યજ્ઞ જગતિ કે યત્ર બ્રહ્મણિ. આમ આટલાથી જ માયાવાદી નિરુત્તર થઇ ગયેલા.

એકવાર એક સભામાં એમણે શંકરાચાર્યજીને કહ્યું હતું કે શ્રીવલ્લભ વિરુદ્ધ જો આપ બોલશો તો હું આપને ત્રણ જ પ્રશ્નમાં નિરુત્તર કરી દઇશ. આવા દઢસિદ્ધાન્તવાદી તેઓ હતા.

નડિયાદમાં સમર્થ આચાર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સભા હતી અને એક માયાવાદી વિદ્વાનના વક્તવ્ય પછી બદરીનાથજીએ માયાવાદનું જે ખંડન કર્યું, આલોચના કરી એ પછી

કોઇએ પણ બોલવાની હિંમત ન કરી, તેથી પ્રસન્ન થઇ પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજશ્રીએ પ્રસન્ન થઇ જાહેર સભામાં તેમને પદવી આપી **'પંડિત પંચાનન'** મતલબ આપ પંડિતોમાં સિંહ જેવા છે.

બદરીનાથ શાસ્ત્રીજીના એક મિત્ર હતા પ્રોફેસર મંજુલાલ મજમુંદાર. તેઓ શાસ્ત્રીજીને મળવા આવેલા અને કહ્યું કે શાસ્ત્રીજી આપ કહો છો કે સંસ્કૃત ભાષામાં બધું જ છે, તો સંસ્કૃત ભાષામાં ગરબા ક્યાં છે ? શાસ્ત્રીજી એ તત્કાલ એક રૂમમાં જઇ પાંચ જ મિનિટમાં કાગળમાં ગરબો લખેલો આપ્યો -

'यामुनं तीरं स्मरामि, गोविन्द यामुनं तीर स्मरामि'

ત્યારપછી એમણે શ્રીગોવર્ધનનાથજીનાં મંદિરમાં સ્થાપેલી શ્રીવિઠ્ઠલનાથ પાઠશાળાના ઉત્સવ અવસરે એમના દ્વારા રચિત ગીત ગવાયું -

'मम चितं सदा स्मरतात् कृष्णनाम रमणीयम् ।
मम जिह्वा सदा वदतात् तस्य नाम रमणीयम् ॥

પછી સંસ્કૃત વિદ્વત્સભાની સ્થાપના તેમના દ્વારા થઇ હતી અને તેમાં તો ઘણા ગરબા, ગીતો વગેરે તેમના દ્વારા રચાયેલા ત્યાં ગવાયા હતા. ઘણાક ગરબા વડોદરાના બીજા વિદ્વાનોએ પણ લખ્યાં હતાં. વડોદરામાં થોડાંક વર્ષો સુધી તો વડોદરાના જુદા જુદા ભાગમાં નવરાત્રિના દિવસોમાં સંસ્કૃત ગરબા ગવાયા હતા.

શાસ્ત્રીજીએ ભક્તિ સામ્રાજ્ય માસિક શ્રીજટાશંકર શાસ્ત્રીજીને સાથે રાખી શરૂ કરેલું તથા સંસ્કૃત ત્રૈમાસિક પણ શરૂ કરેલું. 'સરસ્વતી સૌરભમ્' સાક્ષર શ્રીચુનીલાલ વર્ધમાને લખેલ 'ગુજરાતનો નાથ' નવલકથાનો સંસ્કૃતમાં અનુવાદ કરેલો. તેમજ અણુભાષ્યના થોડા અધિકરણનો ગુજરાતી અનુવાદ કરેલો તેઓએ દસેક વર્ષ વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલયમાં માનદ અધ્યાપક

તરીકે શ્રીવલ્લભ વેદાંત ભણાવેલું.

કોઈ પણ શાસ્ત્રનો કોઈ પણ વિષય એમને ન આવડે એવું ન હતું. પં.શ્રીકાલિકાપ્રસાદજીએ શાસ્ત્રીજીને કહ્યું કે આપ શાસ્ત્રાર્થ માટે ભારતયાત્રા કરો ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે મારે કોઈ પણ વિદ્વાનને હરાવી એના અન્તરની હાય નથી લેવી.

જીવનની પાછલી ઉંમરે પૂ.પા.ગો.શ્રી૧૦૮ શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી અને બદરીનાથજી સાથે બેસી સવાર સાંજ ત્રણ ત્રણ કલાક ભાગવતમાં આવેલ ચતુઃશ્લોકીના સુબોધિનીજી અને પ્રકાશ ટીકા સાથે જે ચર્ચા કરતા હતા તે સાક્ષાત્ વાક્પતિનો મહોત્સવ હતો.

મેં એક દિવસ પૂ.ગો.શ્રીદાદાજી વ્રજરત્નલાલજી મહારાજશ્રીને પૂછ્યું કે આ અવસ્થાએ આપ આટલો પરિશ્રમ શા માટે કરો છે. આવું જ્ઞાન પ્રવચનમાં કોઈ સાંભળે નહીં આપ પ્રવચન કરો તો વચનામૃતની ભાવનાથી લોકો સાંભળે, પરંતુ અન્ય કોઈ આ પ્રવચન કરે તો કોઈ જ ન સાંભળે.

આપશ્રી મને કહે પ્રદ્યુમ્ન, કોઈ સાંભળે કે ન સાંભળે, પણ મેં ચતુઃશ્લોકીના એક એક શબ્દને સુબોધિનીજીની દૃષ્ટિએ અને શ્રીપુરુષોત્તમજીની દૃષ્ટિએ આત્મસાત કરી લીધો છે તેનો દુર્લભ આનંદ મને છે. આ આપશ્રી મહારાજશ્રીજીના અપાર જ્ઞાન પ્રત્યેની ભાવનાને કોટી કોટી પ્રણામ કરવાનું જ રહે.

ભાગવતના અનેક વિદ્વાનો શ્રીબદરીનાથ શાસ્ત્રીજી પાસે ભાગવતના પ્રશ્નો લઈને આવતા અને સમાધાન મેળવી રાજી થઈ જતા. એકવાર પૂજ્ય શ્રીનરહરિ શાસ્ત્રીજી આવ્યા અને પ્રશ્ન પૂછ્યો કે મત્સ્યાવતાર એ છઠ્ઠા સાતમાં મન્વન્તરમાં થયો પણ પ્રલય તો ચૌદ મન્વતર પૂરા થયે થાય છે તો શું એ માયિક પ્રલય હતો ?

શ્રીનરહરિ શાસ્ત્રીજીએ બદરીનાથ શાસ્ત્રીજીની કથા વડોદરાના રોકડનાથજીના મંદિરમાં કરાવી હતી અને છેલ્લે કહ્યું કે મને ભાગવતજી પધરાવી આપો અને કહો, તમે કથા કરો.

શાસ્ત્રીજી પાસે અભ્યાસ કરેલ શ્રીબાલમુકુંદજીએ પત્રમાં લખ્યું હતું શ્રીબદરીનાથભાઈ પાસે અંગ્રેજી હોત તો વેદાન્ત ક્ષેત્રે સર રાધાકૃષ્ણન્ કરતાં શાસ્ત્રીજીનું નામ આગળ હોત.

સન્ ૧૯૭૫ના આસો વદ પડવાને દિવસે શાસ્ત્રીજીએ કહ્યું મારે આજે ભોજન નથી કરવું. લગભગ સાડા બારે લકવાની અસર જણાઈ, ડો.મુકુંદભાઈ શાહ આવ્યા, બાટલા ચઢાવ્યા. ડો.લોમેશભાઈ દેસાઈ પણ આવીને બેઠા, પૂરો પરિવાર હાજર હતો. સાંજના સાડા ચારે શ્વાસની તકલીફ થઈ એટલે ડોકટરે બે-ત્રણ ઈન્જેકશન આપ્યાં, ત્યારે શાસ્ત્રીજીએ એક કાગળમાં લખ્યું -

‘सूची प्रयोगेण किमपि सिद्धं न भविष्यति’અને પછી અંગ્રેજીમાં લખ્યું - Too Late પછી ભીષ્મસ્તુતિનું અનુસંધાન કરતાં સાંજના ૦૫-૦૫ના સમયે હરિચરણ શરણ થઈ ગયા અને વડોદરાના એક વિદ્વત્સૂર્યનો અસ્ત થયો.

* * *